# ડબિંગ આર્ટિસ્ટ/વૉઇસ આર્ટિસ્ટ

ડબિંગ આર્ટિસ્ટ, જેને વૉઇસ એક્ટર તરીકે પણ ઓળખવામાં આવે છે, તે એક વ્યાવસાયિક છે જે પાત્રોને ચિત્રિત કરવા અથવા લક્ષિત પ્રેક્ષકોને માહિતગાર કરવા માટે પોતાના અવાજનો ઉપયોગ કરે છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમને કલાત્મક વ્યવસાયોમાં રૂચિ છે
- તમે અન્ય લોકો સાથે સહજ રીતે વાતચીત કરી શકો છો
- તમે એક શ્રેષ્ઠ શ્રોતા છો
- તમે ટીમમાં સહજ રીતે કામ કરી શકો છો



આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૨,૫૦૦ થી ૧,૦૦,૦૦૦*** જેટલી હોય છે.

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઇન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.
૨. કોઈપણ વિદ્યાશાખામાં સ્નાતકની ડિગ્રી મેળવો.
૩. ડબિંગમાં ડિપ્લોમા કરો

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે.

ડબિંગ આર્ટિસ્ટનું અંદાજીત માસિક વેતન
**રૂ. ૩૨,૦૦૦ થી ૮૮,૦૦૦*** જેટલું હોય છે.

સ્રોત: https://www.salaryexpert.com/salary/job/voice-over-announcer/india

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** મૂવી સ્ટુડિયો, જાહેરાત એજન્સીઓ, રેડિયો ચેનલો, ટેલિવિઝન સ્ટેશન

**કાર્યસ્થળનું વાતાવરણ:** કામનો સમય સામાન્ય રીતે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ, પ્રતિ દિવસ ૮ થી ૯ કલાકનો હોય છે. શિફ્ટ પ્રથા ઉપલબ્ધ હોય છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

તાલીમાર્થી ડબિંગ આર્ટિસ્ટ → ડબિંગ આર્ટિસ્ટ

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

ટ્રાન્સલેટર, ઈન્ટરપ્રિટર

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**ભારતમાં તમે યુ.જી.સી. માન્યતા પ્રાપ્ત કોઈપણ કૉલેજમાંથી તમારી સ્નાતકની ડિગ્રી પૂર્ણ કરી શકો છો.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. વૉઈસ મોડ્યુલેશન ટ્રેનિંગ, મુંબઈ
૨. પારૂલ યુનિવર્સિટી, વડોદરા
૩. રોંકેલ મીડિયા એજ્યુકેશન એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યુટ, મુંબઈ
૪. આર.કે. ફિલ્મ્સ એન્ડ મીડિયા એકેડમી, દિલ્હી
૫. લાઈવ વાયર્સ ધ મીડિયા ઈન્સ્ટિટ્યુટ, મુંબઈ
૬. પી. મિરાજ ફિલ્મ ઈન્સ્ટિટ્યુટ, ચેન્નાઈ
૭. વિનોદ ફિલ્મ ઈન્સ્ટિટ્યુટ, હૈદરાબાદ

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- www.skillindiadigital.gov.in
- www.ncs.gov.in
- https://anubandham.gujarat.gov.in

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ



## સાફલ્ય ગાથા

**ડૉ. ગુરદીપ કૌર ચાવલા** એક ભારતીય દુભાષિયા છે જે ભારતીય ભાષા સેવાઓ (આઈ.એલ.એસ.)ના સ્થાપક અને નિર્દેશક છે. તેણીએ સેન્ટ સ્ટીફન્સ કોલેજ, નવી દિલ્હીમાંથી અંગ્રેજી સાહિત્યમાં બી.એ. અને એમ.એ.ની પદવી હાંસલ કરી છે અને પી.એચ.ડી. કર્યું. તે ઘણી અનુવાદક અને દુભાષિયા સંસ્થાઓના સભ્ય છે. તેણીએ ભારતીય સંસદ અને યુ.એસ. ન્યાયિક પ્રણાલી સાથે પણ કામ કર્યું છે. તેણીએ દુભાષિયા તરીકે સમગ્ર વિશ્વમાં કામ કર્યું છે અને હાલમાં તે સાન ફ્રાન્સિસ્કો, કેલિફોર્નિયા, યુ.એસ.એ.માં સ્થાયી છે.*

સ્રોત: https://gulabigangofficial.in/gurdeep-kaur- chawla-biography/

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.